# હાદાનગરમાં માથાભારે શખ્સોના ત્રાસથી મહિલાઓને ઘરની બહાર નિકળવુ મૂશ્કેલ

## સ્થાનિકોએ પોલીસવડાને કરી રજુઆત

ભાવનગર, તા.૪

શહેરના હાદાનગર વિસ્તારમાં રોજ રાત્રે દારૂ પી ભવાડા કરી રાહદારીઓને તેમજ સ્થાનિક રહીશોને પરેશાન કરતા ત્રણ શખ્સોનો આતંક અસહ્ય બની જતાં બુધવારે ત્રણ સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને તેમણે ડીએસપીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. રહીશોએ ત્રણ શખ્સોમાં એક શખ્સ સસ્પેન્ડેડ પોલીસ કોન્સ્ટેબલ હોવાનું જણાવી કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

શહેરના હાદાનગર વિસ્તારમાં આવેલી સ્નેહમીલન સોસાયટી, સર્વોદય સોસાયટી અને શિવશક્તિ સોસાયટીના રહીશોએ ડીએસપીને આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી કે, તેમના વિસ્તારમાં શક્તિ ડાભી, અજય ડાભી અને ધમો ડાભી નામના શખ્સો દરરોજ દારૂ પી આતંક મચાવી રહ્યાં છે. ત્રણેય શખ્સો હથિયારો સાથે બેસે છે સોસાયટીના રહીશોને ગાળો આપે છે. આ ત્રણે શખ્સના વર્તનના કારણે વિસ્તારની મહિલાઓને બહાર નિકળવાનું મુશ્કેલ બની ગયું છે.

માથાભારે તત્વો સ્થાનિક રહીશોને સરકાર અમારી છે, પરિવારના સભ્યો પોલીસ ખાતામાં ફરજ બજાવે છે અને પોલીસ અમારુ કંઇ બગાડી નહી લે અને અમે હપ્તા આપીએ છીએ તેમ જણાવી ધમકી આપતા હોય ત્રણે શખ્સનો ત્રાસ અસહ્ય બની જતાં બુધવારે સ્થાનિક રહીશોએ ડીએસપીને રજૂઆત કરી હતી. આ બનાવ અંગે બોરતળાવ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ચૂકાદા સામે કરેલી અપીલ પાછી ખેંચવાનુ કહી યુવકને ધમકી આપી

ભાવનગર, તા.૪

ભાવનગરમાં જમીન અંગેના કોર્ટ કેસમાં ચૂકાદો આવ્યા બાદ તેની સામે અપિલ કરવામાં આવતા ઉશ્કેરાઇ ગયેલા બે શખ્સોએ જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની હાદાનગરમાં રહેતા ફારૂકભાઇ સૈયદે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે શક્તિ ડાભી અને અજય ડાભીના નામ જણાવ્યા હતા.

પોલીસમાં કરેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે કોર્ટમાં જમીન અંગેનો જે કેસ ચાલતો હતો તેમાં ચૂકાદો આવ્યા બાદ તેની સામે ફરિયાદીએ અપિલ કરતા તે બાબત આરોપીને ગમી ન હતી એટલે બન્ને શખ્સે અપિલ પાછી ખેંચી લેવાનું જણાવી ફરિયાદીને તેમજ રીયાઝભાઇ અને અબ્દુલને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવની વાત ફરિયાદીએ અમરીશભાઇ, રીયાઝભાઇ અને અબ્દુલ સોલંકીને કરતા આ ત્રણે લોકોએ પણ તેમને આરોપીઓએ અગાઉ વિવિધ બાબતોને લઇને ધાકધમકી આપી હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ટાયર ફાટ્યું અને ટેન્કર ડિવાઈડર પર ચડી ગયું, વીજપોલ ધ્વસ્ત





ભાવનગરમાં ટોપ થ્રી સર્કલથી મંત્રેશ કોમ્પ્લેક્ષના ૧૫૦ ફુટ રીંગરોડ પાસે બુધવારે એક પાણીના ટેન્કર નં.જીજે-૪-વી-૧૯૨૦નું ટાયર ચાલું વાહને ફાટ્યું હતું જેના કારણે પુરપાટ દોડતું ટેન્કર ડિવાઈડર પર ચડી ગયું હતું. આ કારણે વીજપોલ સાથે અથડાતા વીજપોલ ધ્વસ્ત થઈ ગયો હતો. બનાવના પગલે લોકો દોડી ગયા હતાં. આ બનાવમાં કોઈ જાનહાની કે ઈજા થઈ હોવાના અહેવાલ સામે આવ્યા નથી.

તસવીર : મૌલીક સોની

# બે દિવસમાં ૫૮૮૦ કરદાતાએ મ્યુ. તિજોરીમાં જમાં કરાવ્યા ૪.૮૬ કરોડ

## મિલ્કત વેરો ભરવા મહાપાલિકામાં ધસારો, ઓનલાઈન-ઓફલાઈન વેરો ચૂકવી રીબેટનો લાભ લેતા કરદાતાઓ

ભાવનગર, તા.૪

મહાનગરપાલિકામાં ગત મંગળવારથી મિલ્કત વેરામાં રીબેટ યોજના અમલી બની છે ત્યારે રિબેટનો લાભ લેવા કરદાતાઓનો ધસારો જોવા મળી રહ્યો છે અને બે દિવસના મ્યુ. તિજોરીમાં રૂ.૪.૮૬ કરોડ જમાં થયા છે.

પ્રથમ દિવસે ૧,૯૧૦ કરદાતાએ વેરો મિલ્કત વેરો ભર્યો હતો અને મનપાને રૂ. ૯૧,૩૨ લાખની વેરાની આવક થઈ હતી. બુધવારે બીજા દિવસે ૩૯૭૦ કરદાતાઓએ ઓનલાઈન- ઓફલાઈન વેરો ભર્યો હતો તેથી મહાપાલિકાને રૂ. ૩.૦૭ કરોડની વેરાની આવક થઈ હતી. બે દિવસમાં કુલ રૂ. ૪.૮૬ કરોડની મિલ્કત વેરાની મહાપાલિકાને આવક થઈ છે.

મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા બંને ઝોનલ કચેરીઓ (પૂર્વ તથા પશ્ચિમ) ખાતે મિલકત વેરો સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૩૦ અને બપોરે ૩ થી ૫ દરમિયાન સ્વીકારવા નિર્ધારિત કરાયેલ છે. જાહેર રજાઓ તથા શનિ-



રવિવાર સહિતના તમામ દિવસો વેરો સ્વિકારાશે. હાલમાં ઘરવેરાની કાર્પેટ એરિયા કરપદ્ધતિમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની રિબેટ યોજના ચાલુ થઈ છે, જેમાં તમામ વેરો એકી સાથે ભરપાઇ કર્યેથી એપ્રિલ માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઇ વેરાની રકમ પર ૧૦ ટકા રિબેટ તથા મે માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઇ વેરાની રકમ પર ૫ ટકા સુધીનું રિબેટ તથા પી.ઓ.એસ., મહાનગરપાલિકાની વેબસાઇટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. બીએમસીગુજરાત.કોમ પર ઓનલાઇન તેમજ એન્ડ્રોઇડ મોબાઇલ એપ્લીકેશન મારફત પેમેન્ટ કરવા પર વધુ ૨ ટકા રિબેટ મળવાપાત્ર છે.

# વડોદરા જેલમાંથી પેરોલ મેળવી ફરાર થયેલ આરોપીને ભાવ. LCBએ સુરતથી પકડ્યો

ભાવનગર,તા.૪

સુરત શહેરમાં ચોક બજાર પોલીસ સ્ટેશનમાં હત્યા કેસ સંદર્ભે પરવાળા ગામના શખ્સને સજા ફટકારી હતી આ આરોપી વડોદરા સબ જેલમાંથી પેરલ પર છૂટી છેલ્લા ૧૨ વર્ષથી ફરાર હોય જેને ભાવનગર એલસીબી તથા પેરોલફર્લોસ્ક્વોર્ડએ સુરત શહેરમાંથી ઝડપી લઇ વડોદરા જેલમાં મોકલી આપ્યો હતો.

આ સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના પરવાળા ગામે રહેતા રાજુ માધાભાઇ સોલંકી ઉંમર વર્ષ ૪૨ રે .હાલ કતારગામ સુરત વાળા વિરૂદ્ધ સુરતના ચોકબજાર પોલીસ સ્ટેશનમાં હત્યા અંગે ગુનો દાખલ થયો હતો જેમાં પોલીસે આરોપીને ઝડપી લઇ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે આ આરોપીને સજા ફટકારી હતી દરમિયાન વડોદરા સબ જેલમાં સજા કાપી રહેલ આરોપી આજથી ૧૨ વર્ષ ૮ માસ પહેલા પેરોલ પર મુક્ત થયો હતો અને જામીન પૂર્ણ થતા પૂનઃ જેલમાં હાજર થવાને બદલે સતત પોતાના ઠેકાણા બદલી નાસ્તો ફરતો હોય આથી સુરત પોલીસે આરોપીને વોન્ટેડ જાહેર કર્યો હતો.

આ આરોપી અંગે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, આરોપી સુરત શહેરમાં આવેલ કતારગામ સ્થિત ખોડીયાર જેમ્સ પાસે ઉભો છે આથી પોલીસ ટીમો એ સંયુક્ત કામગીરી હાથ ધરી હત્યારા આરોપી રાજુ માધા સોલંકીને ઝડપી લઇ વડોદરા સબ જેલમાં મોકલી આપ્યો હતો.

# દિવ્યાંગ સહિતના મતદારોને મતદાન મથકે પુરતી સગવડતા મળે તે સુનિશ્ચિત કરતા ચુંટણી અધિકારી

## જિલ્લા ચૂંટણી અધિકારી- કલેક્ટરની અધ્યક્ષતામાં સ્વીપ કોર કમિટીના સભ્યો તથા નોડલ અધિકારીઓની બેઠક યોજાઇ

ભાવનગર, તા.૪

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે SVEEP (સિસ્ટમેટિક વોટર્સ એજેયુકેશન એન્ડ ઇલેક્ટોરલ પાર્ટીસિપેશન) કોર કમિટીના સભ્યો તથા જિલ્લાના નોડલ અધિકારીઓ બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં સ્વીપ કમિટીના સભ્યોએ ચૂંટણી અંગેની કરેલી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી તેમજ નવા મતદારો, દિવ્યાંગ મતદારો, માઈગ્રેટ મતદારો, ખાનગી સંસ્થાઓમાં કામ કરતા મતદારો વધુ જાગૃત બને અને મતદાન મથકોએ પૂરતી સગવડતા




મળી રહે તે સુનિશ્ચિત કરવા અંગે જિલ્લા ચૂંટણી અધિકારી આર. કે. મહેતાએ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જી. એચ. સોલંકી, નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરૂ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર. એન. ચૌધરી સહિતનાં સ્વીપ કોર કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્પા સેન્ટરની આડમાં ધમધમતા કુટણખાના મામલે ભાવનગરનો શખ્સ આખરે ઝડપાયો

**પોલીસ દરોડા વખતે બે પકડાયા બાદ ભાવનગરનો જાહીદ સૈયદ ફરાર હતા**

મહુવા, તા.૪

મહુવા શહેરમાં મેધદુત સિનેમાંથી કાગબાપુ ચોક તરફ જતા રોડ પર આવેલ નોમીની બજાર કોમ્પલેક્ષમાં જાહીદ ઉસ્માનભાઇ સૈયદ(રહે.ભાવનગર), વિપુલ રમણીકલાલ મહેતા (રહે. મહુવા,જી.ભાવનગર) પતાયા ફેમીલી સ્પા નામના સેન્ટરમાં સ્પાની આડમાં પોતાના આર્થીક લાભ સારૂ બહારથી ભાડુઆત મહીલાઓને લાવી, તેઓને પોતાના હવાલામાં રાખી બહારથી પુરૂષ ગ્રાહકોને બોલાવી તમામ સુવિધા પુરી પાડી દેહવ્યાપારની પ્રવુતિનો ધંધો કરી કુટણખાનું ચલાવે છે. જે હકીકતને આધારે રેઈડ કરતા પટાયા ફેમીલી સ્પા સેન્ટર પર થાઈલેન્ડની બે યુવતીઓ તેમજ આરોપી ઈમરાન સલીમભાઈ સોરઠીયા (ઉ.વ.૩૦ રહે,પીરવાડી,વરતેજ) અને વિપુલ રમણીકલાલ મહેતા (ઉ.વ.૪૪ રહે ધાવડી ચોક, બ્લુ ડાયમંડ હોટલની સામે, મહુવા,જી.ભાવનગર) હાજર મળી આવતા અટકાયત કરી લીધી હતી. જયારે જાહીદ ઉસ્માનભાઈ સૈયદ (રહે.સીદીના કુવા પાસે, દેવજી ભગતની ધર્મશાળા પાસે, ભાવનગર) સ્પા સેન્ટર ઉપર હાજર મળી આવ્યો ન હતો. ઉકત બનાવ અનુસંધાને ઉકત શખ્સો સામે મહુવા ટાઉન પો.સ્ટે.માં ધી ઈમોરલ ટ્રાફીક એકટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

સ્પા સેન્ટરમાંથી ઝડપાયેલા ઈમરાન સલીમભાઈ સોરઠીયા (ઉ.વ.૩૦ રહે પીરવાડી,વરતેજ) અને વિપુલ રમણીકલાલ મહેતા (ઉ.વ.૪૪ રહે ધાવડી ચોક,બ્યુ ડાયમંડ હોટલની સામે,મહુવા,જી ભાવનગર) ને સાત દિવસની રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા ન્યાયમુર્તિએ બંન્નેના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા હતા. જયારે કુટણખાના મામલે નામ ખુલતા પોલીસે તપાસ હાથ ધરી ભાવનગરના દેવજી ભગતની ધર્મશાળા પાસે રહેતા જાહીદ ઉસ્માનભાઈ સૈયદની ધરપકડ કરી તેને કોર્ટમાં રજુ કરવા તજવીજ હાથ ધરી છે.

# બેન્ક એકાઉન્ટ કાંડમાં પકડાયેલો ખોખરાનો શખ્સ ૧૨મી સુધી પોલીસ રિમાન્ડ પર

## પ્રિ-પ્લાન મુજબ યુવાનને અંધારામાં રાખી છેતરપિંડી આચરી હતી

ભાવનગર, તા.૪

ઘોઘા તાલુકાના મોટા ખોખરા ગામના યુવાનને લોન અપાવવાના બહાને તેના મિત્ર સહિતના પાંચ શખ્સે બેન્ક એકાઉન્ટ કાંડ આચરી યુવાનના નામે તેની જાણ બહાર લાખો રૂપિયાના આર્થિક વ્યહાર કર્યા હતા.જે ચકચારી બનાવમાં પોલીસે મોટા ખોખરાના શખ્સની ધરપકડ બાદ તેને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૨મી સુધીના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા છે. આ અંગે ઉપલબ્ધ વિગતો મુજબ મોટા ખોખરા ગામે રહેતા અરવિંદભાઇ કેશુભાઇ કંટારિયા (ઉ.વ.૩૧) બે વર્ષ પૂર્વે મકાનના કામ માટે લોન પેટે રૂપિયા અપાવવાના બહાને તેના મિત્ર કિશોર મગનભાઇ ખસિયા, માલણકાનો બાબુ ચુડાસમા, મુકેશ ઉર્ફે અનિલ ઉર્ફે ટાઇગર અગ્રવાલ, રમેશ ઉર્ફે સુનિલ અગ્રવાલ અને રમેશ અગ્રવાલનો ડ્રાઇવર રાહુલ સહિતના પાંચ શખ્સે પ્રિ-પ્લાન મુજબ તેનું



આધારકાર્ડ,પાનકાર્ડની નકલ લઇ તેના નામે સીમકાર્ડ કઢાવી, અંગુઠાના નિશાન લઇ તેના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવી તેમજ જીએસટી નંબર મેળવી અગ્રવાલ બ્રધર નામની પેઢીથી આર્થિક વ્યવહારો કરી વિશ્વાસધાત અને છેતરપિંડી આચરી હતી.

આ બનાવ અંગે અરવિંદભાઇ કંટારિયાએ પાંચેય શખ્સ સામે વરતેજ પોલીસમાં આઇપીસી ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી, ૩૪ મુજબ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે મુખ્ય સુત્રધાર કિશોર મગનભાઇ ખસિયા (રહે.મોટા ખોખરા,તા.ધોધા)ની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૨મી એપ્રિલ સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે.

# બ્રહ્મ સમાજ માટે રાહતદરે દાંતની સારવાર

સમસ્ત બ્રહ્મશક્તિ સોશ્યલ ગ્રુપ ટ્રસ્ટના સુરેશભાઈ દવે દ્વારા બ્રહમ સમાજના નવા બનેલ સભ્યને દાંતના નિદાન તથા મેડીસનની રાહત દરે દર સોમવાર તથા શનિવારે સાંજે ૫:૩૦ થી ૭:૩૦ સુધી ડો. અર્પીત ઓઝાના ઈમ્પેક્ટ ડેન્ટલ ક્લીનીક શિવ કોમ્પ્લેક્ષ દિવાનપરા રોડ, સેવા આપશે આ સેવામાં દરેક જ્ઞાતિ પ્રમુખ ટ્રસ્ટીઓને આ સેવામાં લાભ લેવા તથા વધુ વિગત માટે મો.નં. ૮૭૩૨૯૬૨૭૭૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# સંત જેસલ ફકીર સાહેબના જન્મોત્સવની કાલે ઉજવણી

ભાવનગર, તા.૪

શહેરના સિંધુનગરમાં આવેલ સંત વાસુરામ દુઃખ ભંજન આશ્રમ ખાતે સંત જેસલ ફકીર સાહેબનો વાર્ષિક જન્મોત્સવનું તા.૫/૪ને શુક્રવારે ધામધૂમથી ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે સવારે ૮ કલાકે ઝંઢા સાહેબ, સવારે ૧૦ કલાકે સંત વાસુરામ બાલક મંડળી નો સત્સંગ, બપોરે ૧૨ કલાકે સહેજી પાઠ સાહેબ તેમજ શ્રીમદ્ ભગવદ્ નો ભોગ સાહેબ, બપોરે ૧ કલાકે લંગર પ્રસાદ, સાંજે ૫ કલાકે મહા આરતી તેમજ રાત્રે ૮ કલાકે મહા પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ ધાર્મિક ઉજવણીનો સર્વે ભાવિક ભક્તોએ બહોળો લાભ લેવા ભાઈ સાહેબ દીપક કુમાર ગુરૂ નંદલાલ ફકીર સાહેબ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# શાહ પરિવારના અનુદાનથી લોકવિદ્યાલય માઈધાર ખાતે માઈકસેટનું લોકાર્પણ



પાલીતાણા, તા.૪

ભદ્રાવળ નિવાસી હાલ મુંબઈ સ્થિત પરમાનંદ અમૃતલાલ શાહની પ્રેરણાથી દાતા જયાલક્ષ્મી પ્રવીણચંદ્ર બાબુલાલ શાહ ટ્રસ્ટ, હસ્તે મીતાબેન વિપુલભાઈ શાહ તથા નિલોનીબેન મિહિરભાઈ તથા વત્સલભાઈ વિપુલભાઈ શાહ પરીવાર તરફથી પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર સંસ્થાને આહુજા કંપનીનું સાડી ત્રણસો વોલ્ટનું એમ્પ્લીફાયર અર્પણ કરવામાં આવ્યું. લોકભારતી યુનિવર્સિટીના સંસ્થાપક અને વૈજ્ઞાનિક ડૉ.અરૂણભાઈ દવે, ભૂતપૂર્વ નિયામક જીસીઆરટી નલીનભાઈ પંડિત તથા માઈધારના નિયામક ભાવનાબેન પાઠક, લોકનિકેતન ટ્રસ્ટ બેલાના ટ્રસ્ટી જીજીભાઈ, ગ્રામ દક્ષિણામૂર્તિ મણારના નિયામક નકુમ સુરસંગભાઈ અને ઉત્તર બુનિયાદી વિદ્યાલય શેત્રુંજીડેમના ટ્રસ્ટી અને નિયામક લાલજીભાઈ સોલંકી, લોકભારતી યુનિવર્સિટીના ડૉ. વિશાલભાઈ ભાદાણી હાજર રહ્યા હતા .આ સમગ્ર કાર્યક્રમમાં દાતાઓની ટીમ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી પાલીતાણા અને તળાજા તાલુકા ની ૧૦૧ શાળામાં શાળાને જરૂરિયાત વસ્તુઓની દાનની સરવાણી વહે છે.તેમની આ સખાવતને બિરદાવી હતી.

# ત્રિવિધ કાર્યક્રમ સાથે અંબિકા પ્રા. શાળાનો યોજાયો વાર્ષિક ઉત્સવ

ભાવનગર, તા.૪

અંબિકા પ્રાથમિક શાળા નં.૭માં વાર્ષિકોત્સવ,ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા-વિદાય કાર્યક્રમ, નિવૃત્તિ સન્માન સહિત ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં પ્રાર્થના બાદ શાળાના આચાર્ય ભરતભાઈ ભટ્ટ, નિવૃત શિક્ષકો કુંદનબેન, ઈન્દિરાબેન તેમજ નિવૃત્ત થનાર શિક્ષક ગીતાબેન રાઠોડ અને ભુતનાથ મિત્ર મંડળના સભ્યોના હસ્તે દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ.

શાળાના શિક્ષિકા બહેનો નીતાબા રાયજાદા અને વંદનાબેન ત્રિવેદીએ તૈયાર કરાવેલ વિવિધતાસભર સાંસ્કૃતિક કૃતિઓ



શાળાના બાળકોએ રજૂ કરી હતી. શાળાના દરેક વર્ગના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને, વર્ષ દરમ્યાન નિયમિત વિદ્યાર્થીઓને, શાળાના બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર,વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા બનનાર તમામ બાળકોને તેમજ શાળા મિત્ર તરીકે શાળાના કામમાં ઉપયોગી વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ધોરણ -૮ના વિદ્યાર્થીઓને વર્ગ શિક્ષક સહિતે શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમમાં નિવૃત્ત શિક્ષકો, ભુતનાથ મિત્ર મંડળના સભ્યો તથા શિક્ષણ સમિતિના અધ્યક્ષ શિશિરભાઈ ત્રિવેદી, ઉપાધ્યક્ષ રાજદિપસિંહ જેઠવા, સમિતિના સભ્ય અને શાળાના પ્રભારી સંજયભાઈ બારૈયા તેમજ શાસનાધિકારી મુંજાલે શુભેચ્છાઓ પાઠવી હતી.

# શિશુવિહાર બુધસભામા કાવ્યોનો આસ્વાદ



તા.૪ના રોજ બુધસભાની ૨૨૮૧મી બેઠક ડૉ. છાયા પારેખના સંચાલનમાં યોજાઈ. પ્રારંભે કાવ્ય પાઠ થયાં બાદ કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત ગાંધી મહિલા કોલેજના નિવૃત્ત અધ્યાપિકા આદરણીય ડૉ. ઉષાબહેન પાઠકે મૂર્ધન્ય સાહિત્યકાર કવિ ઉમાશંકર જોશીના બે સોનેટ "ગયાં વર્ષો" અને "રહ્યાં વર્ષો"નો આસ્વાદ કરાવ્યો. છાયાબહેન પારેખે ડૉ. ઉષાબહેન પાઠકનો અધ્યાપક, સાહિત્યકાર, ચિત્રકાર તરીકેનો વિગતે પરિચય આપ્યો હતો. ડૉ. ઉષાબહેન પાઠકે કાવ્ય આસ્વાદ કરાવતા કવિ ઉમાશંકર જોશીની કવિ તરીકેની વિશેષતાઓ, તેમના સાહિત્ય પર મહાકવિ કાલિદાસ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને અખાની અસર વિશે પૂર્વભૂમિકા સ્વરૂપે વાત કર્યા બાદ કવિના બંને સોનેટમાં વ્યક્ત થતા જીવન વિશેના ચિંતનની વિષદ છણાવટ કરી હતી. પોતાની ૪૦ વર્ષની વયે જન્મદિને લખેલા આ બંને સોનેટ કવિની જીવન પ્રત્યેની શ્રદ્ધા, આશાવાદી અભિગમ, મનુષ્યત્વની ઉપાસના અને પ્રકૃત્તિ તથા સૃષ્ટિ પ્રત્યેનો સૌંદર્યલક્ષી દષ્ટિકોણ રજૂ કરે છે એ બાબતને ઉષાબહેને અનેક સંદર્ભો સાથે રજૂ કરી એક અધ્યાપકના અધ્યયન સાથે આસ્વાદ કરાવ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)






LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૦૪-૦૪-૨૦૨૪, ગુરૂવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## દંડ વગર લારીઓ નહીં છુટે- કમિશનરે રોકડું પરખાવ્યું

# ગેરકાયદે લારીઓ છોડાવવા યુનિયન કુદયું, ટોળાશાહી કરી તંત્રને ભીસમાં લેવા પ્રયાસ







તસવીર : મૌલીક સોની

ભાવનગર, તા.૪

શહેરના રૂપમ ચોક, શાકમાર્કેટ અને મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાં આડેધડ રીતે ઉભા રહી નડતરરૂપ બનતા લારી ધારકો અને પાથરણાવાળાઓ સામે મ્યુ. કમિશનરે લાલ આંખ કરતા જ હવે યુનિયનના નામે તંત્રને ભીસમાં લેવા પ્રયાસ કરી અને નીતિ-નિયમ મુજબ વેપાર-ધંધો કરવા દેવાની રજૂઆત માટે આજે ટોળાશાહી કરાઇ હતી. શહેરના હેવમોર ચોકમાં એકત્ર થઇ અને રોષ પ્રદર્શિત કરાયા બાદ ટોળુ મ્યુ. કચેરીએ પહોંચ્યું હતું. જો કે, કમિશનરે પ્રતિનિધિ મંડળ સાથેની બેઠકમાં નીતિ-નિયમના પાલન સાથે જ લારી, પાથરણાવાળાઓને વેપાર-ધંધો કરવા દેવાશે તેમ સ્પષ્ટ જણાવી દીધું હતું. વધુમાં મલ્ટીલેવલ પાર્કિંગમાં સીઝ કરાયેલી ૧૦૧ લારી દંડ વગર નહીં જ છુટે તેમ રોકડું પરખાવી દીધું હતું.

ભાવનગરના હાર્દ સમા ઘોઘાગેટ, શાકમાર્કેટ અને મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાં લાંબા સમયથી પાથરણાવાળા અને લારીધારકોનો અસહ્ય ત્રાસ વધ્યો છે. આડેધડ રીતે બેફામ દબાણ કરીને લારીઓ, પાથરણા ખડકાતા રાહદારીઓ સુખેથી ચાલી શકતા નથી તેમજ ટ્રાફીકની ભરમાર કાયમી બની છે. નગરજનોને વાહન પાર્કિંગ માટે પણ જગ્યા મળતી નથી. જયાં ને ત્યાં દબાણો સર્જી રીતસર દાદાગીરી થતી હોય તેવું પુરવાર થતું હતું જેની સામે મ્યુ. તંત્રએ આળસ ખંખેરી અને ખુદ કમિશનરે બે દિવસ સુધી રાઉન્ડ લઇ તમામ દબાણોને દુર કર્યા છે. આથી નગરજનો અને દુકાનદારોમાં તંત્રની વાહ વાહ થઇ રહી છે. દરમિયાનમાં ગઇકાલથી તંત્રએ મલ્ટીલેવલ પાર્કિંગમાં ૧૦૧ લારીઓ સીઝ કરીને દંડ ન ભરે ત્યાં સુધી નહીં છોડવા નિર્ણય જાહેર કર્યો છે. આથી તંત્રને ભીસમાં લેવા આજે યુનિયનની આગેવાનીમાં હેવમોર ચોક ખાતે એકત્ર થઇ રોષ પ્રદર્શિત કરાયો હતો અને બાદમાં મ્યુ. કચેરીએ જઇ લારી ધારકોએ લારીઓ છોડી મુકવા રજૂઆત કરી હતી. આ તકે પ્રતિનિધિ મંડળ સાથેની મિટીંગમાં કમિશનરે પ્રતિ લારી દીઠ રૂા.૧૦૦૦ દંડ ભરવા જણાવી ૧૫૦૦માંથી ૫૦૦ની રાહત આપી હતી.

ઉલ્લેખનીય છે કે, મહાપાલિકા દ્વારા શહેરમાં ગંગાજળિયા તળાવ સહિતના વિસ્તારોમાં સ્ટીટ વેન્ડર ઝોન બનાવાયા છે જે લારી, પાથરણાવાળાઓ માટે જ ખાસ વ્યવસ્થા છે. પરંતુ ચોક્કસ વિસ્તારમાં કબ્જો જમાવી બેસવાની મુરાદના કારણે નગરજનોને બાનમાં લેવાય છે. આ સામે કમિશનરે લાલ આંખ કરી તો હવે યુનિયનના નામે ટોળાશાહી કરી અને નીતિ-નિયમમાં રહીને વેપાર-ધંધો કરવા દેવાની છુટ આપવા તંત્રને રજૂઆત થઇ છે પરંતુ આજદિન સુધી યુનિયન ક્યાં હતું. નગરજનો બેફામ દબાણને કારણે ત્રસ્ત હતાં, વાહનો ચાલી શકે કે પાર્ક થઇ શકે તેવી જગ્યા પણ રહેવા દેવાઇ ન હતી. ત્યારે યુનિયનને સમસ્યા ન દેખાઇ અને હવે કાર્યવાહી થતા જ યુનિયન ઉતરી પડ્યું છે. જે સામે નગરજનોમાં સવાલ ઉઠ્યા છે.

**ઘોઘાગેટ, શાકમાર્કેટ સહિતના વિસ્તારોમાં આડેધડ રીતે બેફામ રીતે દબાણ કરીને લારી- પાથરણાઓ ખડકી નગરજનોને બાનમાં લેવાયા ત્યાં સુધી યુનિયન મુકપ્રેક્ષક બની રહ્યું : હવે કડક કાર્યવાહી થતા જ નીતિ-નિયમમાં રહીને વેપાર-ધંધા માટે છુટ આપવા રજૂઆત**

# વિદ્યાનગરના બંધ મકાનમાંથી રોકડ, દાગીના મળી રૂા.૨૮ હજારની ચોરી

## તબીબ પરિવાર દીકરીના પદવીદાન સમારંભમાં ગયો, તસ્કરો ઘરે પહોંચ્યા



તસવીર : મૌલીક સોની

ભાવનગર, તા.૪

શહેરના વિદ્યાનગરમાં એમ.જે. કોલેજની સામે શ્વેતકમલ સોસાયટીમાં રહેતા દિપકભાઇ પારેખનું વિજયરાજનગરમાં આયુર્વેદીક દવાખાનું આવેલું છે. તા.૧ના રોજ દિપકભાઇ તેમની પત્નિ તેમજ બે દિકરી સાથે અમદાવાદ ખાતે દિકરીનો પદવીદાન સમારંભ હોય તેમા હાજરી આપવા માટે ઘરને તાળુ મારીને ગયા હતા.

તેઓ અમદાવાદથી ઘરે પરત આવ્યા ત્યારે ઘરની ગ્રીલ તુટેલી હતી અને કબાટનો લોક તુટેલો હોવાનું જોવા મળ્યું હતું. કબાટમાં તપાસ કરવામાં આવતાં રૂા.૨૦,૦૦૦ની રોકડ રકમ તેમજ રૂા.૮ હજારની કિંમતના સોના ચાંદીના દાગીનાની ચોરી થઇ હોવાની જાણ થઇ હતી. તસ્કરો ઈમીટેશન જવેલરી સહિતની મતા સ્કુલ બેગમાં લઇ ગયા હોવાની જાણ થઇ હતી. આ બનાવ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી નિલમબાગ પોલીસે આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# કોંગ્રેસમાં વિભીષણો સામે કાર્યવાહી : શક્તિસિંહની મુલાકાત બાદ કલાકોમાં શહેર મહામંત્રીને હટાવાયા

ભાવનગર, તા.૪

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રીનો પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની ભાવનગર મુલાકાત બાદ કલાકોમાં જ હટાવી દેવાયા છે. સિંધી સમાજમાંથી પ્રતિનિધિત્વ કરતા કમલેશ ચંદાણી અને તેમના પત્ની પ્રિયંકાબેન ચંદાણીને કોંગ્રેસે મહત્વનું પદ સોંપ્યું હતું. પરંતુ થોડા સમયથી કમલેશ ચંદાણીનો ભાજપ તરફેનો પ્રેમ છલકાતો જોવા મળતા ચૂંટણીના માહોલમાં કોંગ્રેસે તેમને પ્રાથમિક સભ્ય પદેથી પણ હટાવી દઇ અન્યોને દિશા સુચક નિર્દેશ આપ્યો છે !

ચૂંટણી આવે એટલે રાજકીય પક્ષોમાં આયારામ ગયારામ શરૂ થતું હોય છે. શહેરના ઓમ પાર્ટી પ્લોટ ખાતે ભાજપના એક કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ મહામંત્રી કમલેશ ચંદાણીની સુચક હાજરી તેમજ રૂપાણી સર્કલ ખાતે આયોજીત મહામંત્રીનો ભાજપ પ્રેમ દર્શાવતા હતાં. તેઓ ભાજપમાં ભળવાના હોવાની અટકળો અને ચર્ચાઓ વચ્ચે કોંગ્રેસે જ તેમની હકાલપટ્ટી કરી છે.

### કમલેશ ચંદાણીનો ભાજપ તરફી પ્રેમ વધતા કોંગ્રેસે જ તેમને હોદ્દા ઉપરાંત પ્રાથમિક સભ્ય પદેથી હટાવ્યા, તેમના પત્ની પ્રિયંકા ચંદાણીના સ્થાને ભાવનાબેન વોરા કોંગ્રેસમાં કાર્યકારી અધ્યક્ષ

નગર ધૂળેટી મહોત્સવના તેમના આયોજનમાં લોકસભાના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયાની હાજરી અને આ સમયે કમલેશ ચંદાણીએ તેમને પાંચ લાખની લીડથી જીતવાની આપેલી શુભેચ્છા વિગેરે બાબતો કોંગ્રેસ

આજે ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ હિતેશ વ્યાસે આ નિર્ણય જાહેર કર્યો હતો. હાલાકી આ નિર્ણય ગઇકાલે તા.૩ એપ્રિલના જ લેવાઇ ગયો હતો. પાર્ટીના ધ્યાનમાં આવ્યું છે કે તમો પાર્ટી પ્રત્યે નિષ્ઠાવાન નથી. તમો પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરતા હોવાની ફરિયાદો આવેલ છે જેમાં તથ્ય જણાય છે આથી પક્ષના હોદ્દા સહિત પ્રાથમિક સભ્યપદેથી દૂર કરવામાં આવે છે તેવો પત્ર કમલેશ ચંદાણીના ઈસ્યુ કરાયો છે. હાલાકી કમલેશ ચંદાણીએ આજે બપોરે ૧૨ વાગ્યા સુધી પોતે આ અંગે અજાણ હોવાનું અને પત્ર નહીં મળ્યાનું જણાવ્યું હતું.

બીજી બાજુ તેમના પત્ની પ્રિયંકા ચંદાણી જેઓ શહેર મહિલા કોંગ્રેસના અધ્યક્ષ છે. તેમના અંગે પાર્ટીએ હજુ કોઇ નિર્ણય જાહેર કર્યો નથી પરંતુ ભાવનાબેન વોરાને ભાવનગર શહેર મહિલા કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ પદે નિમવામાં આવ્યા છે. જે અંગે શહેર પ્રમુખ હિતેશ વ્યાસે સમર્થન આપ્યું હતું.

# ભરતનગરમાં યુવક ઉપર તેના કુટુંબી ભાઈનો છરી વડે હુમલો

## પિતા અને ભાઈને ફોન કરી હેરાન ન કરવાનું કહ્યાંની દાઝ રાખી કરાયો હુમલો

ભાવનગર તા.૪

ભાવનગરના ભરતનગર વિસ્તારમાં રહેતા યુવક સાથે બોલાચાલી થયા બાદ તેના કુટુંબી ભાઈએ છરીનો એક ઘા ઝીકી લોહીયાળ ઈજા કરતા યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ભરતનગર, માલધારી સોસાયટી સામે આવેલ અભિનવ પાર્ક સોસાયટીમાં રહેતા નટુભાઈ નારીગરાને તેમના કુટુંબી નિલેશભાઈ અશોકભાઈ ભુતૈયાની માતાનો સોનાનો દાગીનો સાચવવા માટે આપ્યો હતો અને આ દાગીનો નટુભાઈ નારીગરાએ ૨૦ વર્ષ પહેલા વેચી દીધો હતો અને તેના બદલામાં તેમણે નવો દાગીનો કરાવી આપ્યો હતો.

આ નવા દાગીનામાં વજન ઓછું હોવાની શંકા રાખી નિલેશભાઈ અવારનવાર નટુભાઈ અને તેમના દીકરા પ્રશાંતને ફોન કરતો હોય નટુભાઈના દીકરા પિયુષભાઈએ ગઈકાલે તેને ફોન કરવાની ના કહેતા બોલાચાલી થઈ હતી. આ બનાવ બાદ રાત્રે ૯:૪૫ વાગ્યા આસપાસ નિલેશ અશોકભાઈ ભુતૈયા ( રહે. પંચવટી ચોક,પચાસ વારિયા, સુભાષનગર ) તેનું બાઈક લઈને આવ્યો હતો અને પિયુષભાઈ કઈ સમજે તે પહેલા તેના હાથમાં રહેલી છરીનો એક ઘા પગની પિંડીના ભાગે ઝીકી નાસી છૂટ્યો હતો.

આ બનાવમાં ઈજાગ્રસ્ત નિલેશભાઈ નારીગરાને સારવાર અર્થે સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમને તેમના કુટુંબીભાઈ નિલેશ અશોકભાઈ ભુતૈયા વિરુદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાળીયા ગામમાં વિદેશી દારૂનું વેચાણ કરતા શખ્સની ધરપકડ

ભાવનગર તા.૪

ગારીયાધાર તાલુકાના જાળીયા ગામમાં આવેલ રહેણાકી મકાનમાં ગારીયાધાર પોલીસે ડરોડો પાડી વિદેશી દારૂની ૧૪ બોટલ સાથે એક શખ્સની ધરપકડ કરી હતી.

ગારીયાધાર તાલુકાના જાળીયા ગામમાં રહેતો નિર્મળસિંહ અભેસિંગ ગોહિલ પોતાના રહેણાંકી મકાનમાં વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાની મળેલી બાતમીના આધારે ગારીયાધાર પોલીસે દરોડો પાડી મકાનના ફળિયામાં આવેલ પાણીના ટાંકા પાસેથી પ્લાસ્ટિકની થેલીમાં રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૪ બોટલ, કિં. રૂ.૪,૨૦૦/- સાથ નિર્મળસિંહ ગોહિલની ધરપકડ કરી હતી. આ શખ્સની પૂછપરછમાં દારૂની આ બોટલ સોનગઢમાં રહેતા અજયસિંહ બળદેવસિંહ ગોહિલ પાસેથી લાવ્યો હોવાનું જણાવતા પોલીસે બંને શખ્સ વિરુદ્ધ પ્રોહીબિશનની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# બોર્ડની પરીક્ષામાં મોબાઈલ સાથે ઝડપાયેલા ધો.૧૨ના વિદ્યાર્થી સામે પોલીસ ફરિયાદ

## પરીક્ષામાં કાળિયાબીડની સારથી સ્કૂલમાં મનોવિજ્ઞાનના પેપરમાં વિદ્યાર્થી પાસેથી એન્ડ્રોઈડ ફોન મળી આવેલો

ભાવનગર,તા.૪

ભાવનગર શહેરમાં ધો.૧૨ની બોર્ડની પરિક્ષામાં મનોવિજ્ઞાનના પેપરમાં ફોન સાથે ઝડપાઇ ગયેલા વિદ્યાર્થી સામે કેન્દ્રના ડ્યુટી નિયામકે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગત તા.૧૫ માર્ચના રોજ બોર્ડની પરીક્ષામા ધો.૧૨નું મનોવિજ્ઞાનનું પેપર હતુ અને પરિક્ષા દરમિયાન કાળીયાબીડમાં આવેલા સારથી વિદ્યાલયમાં એક વિદ્યાર્થી પાસેથી એન્ડ્રોઇડ મોબાઈલ ફોન મળી આવતા તે સમયે વિદ્યાર્થી સામે ડિપાર્ટમેન્ટલ કાર્યવાહી કરવામાં આવી હતી અને તેની પત્રકમાં સહી લીધા બાદ તેને જવા દેવામાં આવ્યો હતો.

જો કે, ઉપરી અધિકારીએ આ બનાવમાં કાયદેસરની કાર્યવાહી કરવા માટેની લેખિતમાં સુચના આપતાં કેન્દ્ર નિયામક રાકેશ હડીયાએ વિદ્યાર્થી સામે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વિદ્યાર્થી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં અંબરીશ ડેર મેદાને આવ્યા

રાજકોટ, તા.૪

પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં રાજુલા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને તાજેતરમાં જ ભાજપમાં જોડાયેલા અંબરીશ ડેર મેદાને આવ્યા છે. ૫ એપ્રિલે પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં રાજકોટમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અંબરીશ ડેરની આગેવાનીમાં





રૂપાલાના જન સમર્થનમાં ૫ તારીખે સાંજે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન છે. આ ઉપરાંત રાજકોટમાં રૂપાલાના સમર્થનમાં સહી ઝુંબેશ પણ કરવામાં આવી રહી છે. રાજકોટમાં વિવિધ સંસ્થાઓ અને મહિલા સંગઠનો દ્વારા શરૂ કરવામાં આવેલી સહી ઝુંબેશ થકી પુરુષોત્તમ રૂપાલાને સમર્થન આપવામાં આવી રહ્યું છે.

# કોરોનાગ્રસ્ત કુંભારવાડાની યુવતી વેન્ટીલેટર પર

ભાવનગર, તા.૪

ભાવનગરમાં કોરોનાના એકલ-દોકલ કેસ નોંધાયા છે જેમાં કુંભારવાડાની ૨૦ વર્ષની યુવતી કોરોનામાં સપડાતા તેને વધુ સારવાર માટે સર તખ્તસિંહજી હોસ્પિટલમાં ખસેડાઇ છે ત્યાં તબીયત વધુ કથળતા તેમને હાલ વેન્ટીલેટર પર રાખવામાં આવી છે. જ્યારે ગીર સોમનાથના અન્ય એક કોરોનાના દર્દીને પણ સર ટી. હોસ્પિટલમાં વેન્ટીલેટર પર સારવાર અપાઇ રહી છે. જ્યારે શહેરના અધેવાડા વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય મહિલા ચિકનગુનીયામાં સપડાયા છે.

